<u>આંક–૧ નીચે હુકમ</u> ક્રિ.કે. નં.૫૦૮૯૨/૨૦૨૨

(૧) આ કામમાં બાપુનગર પોલીસ સ્ટેશન દ્વારા આરોપી વિરૂદ્ધ ધી જુગાર ધારા કલમ–૧૨(અ) મુજબના ગુન્હાનું ચાર્જશીટ કરવામાં આવેલ છે. આ કામે આરોપી અદાલતમાં હાજર થતાં તેઓને પોલીસ તપાસના ચાર્જશીટની નકલો ક્રિ.પ્રો.કોડની કલમ– ૨૦૭ અન્વયે વિના મુલ્યે આપવામાં આવેલ છે.આરોપી તરફે સ્પેશ્યલ સીટીંગ અન્વયે હાજર રહેલા છે અને તેઓ સ્પેશ્યલ સીટીંગ અન્વયે ગુન્હો સ્વૈચ્છીક રીતે કબુલ કરવા માંગતા હોઈ તેઓ દ્વારા ગુન્હા કબુલાત પુરસીસ આંક–૨ થી રજુ કરેલ છે અને ત્યાર બાદ આરોપીની ધી જુગાર ધારા કલમ–૧૨(અ) ના ગુન્હા માટે પ્લી/નિવેદન લેતાં તેમાં પણ આરોપીએ ગુન્હો કબુલ હોવાનું જણાવેલ છે.

(૨) સજા બાબતે આરોપીને સાંભળતા, આરોપીએ સ્વેચ્છાએ ગુન્હો કબુલ કરેલ છે અને તેમનો પ્રથમ ગુન્હો છે. જેથી તેમને યોગ્ય દંડ કરવા જણાવે છે. એ.પી.પી.શ્રીએ આરોપીને કાયદા મુજબ થઇ શકતી યોગ્ય સજા કરવા જણાવેલ છે.

(૩) આ કેસની તમામ હકીકતો તથા સંજોગોને તથા આરોપી વિરૂદ્ધના ગુન્હા અંગે થઇ શકતી સજાની જોગવાઇ ધ્યાનમાં લેતા ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરૂં છું.

## – ૦ હુકમ ૦ –

દરેક આરોપીને ધી જુગાર ધારા કલમ–૧૨(અ) મુજબના ગુન્હા માટે ક્રિ.પ્રો.કોડની કલમ–૨૫૨ હેઠળ તકસીરવાન ઠરાવી કોર્ટ ઉઠતા સુધીની સજા અને રૂા.૫૦૦/–(અંકે રૂપિયા પાંચસો પુરા) કુલ રૂા.૧૫૦૦/–(અંકે રૂપિયા એક હજાર પાંચસો પુરા) નો દંડ કરવામાં આવે છે, જો દંડ ના ભરે તો આરોપીને દિવસની સાદી કેદની સજા કરવામાં આવે છે.

હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી સહી કરી જાહેર કર્યો.

અમદાવાદ
તારીખઃ–૨૬/૦૬/૨૦૨૨

(એમ.એ. મકરાણી)
એડી.ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,
કોર્ટ નં.૧૪, અમદાવાદ
જી.જે. ૦૧૦૦૭